# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

# BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH

[ Gujarat Public Universities Act No. 15/2023 ]

પરિપત્ર:

વિષય: શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬માં સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે GCAS પોર્ટલ પર ખાસ તબક્કા -૦૨માં પ્રવેશની કાર્યવાહી બાબત

સંદર્ભ: ૧) ક્રમાંક/જીકેએસ/વહટ/૨૦૨૫-૨૬/૧૮૦ તા:૨૪/૦૭/૨૦૨૫

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬માં GCAS PORTAL અંતર્ગત પ્રવેશ પ્રક્રિયા કાર્યરત છે.સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા સારું ધોરણ)૧૨ HSC) બોર્ડ પુરક પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ તથા સ્નાતક કક્ષાના અગાઉના તબક્કાના પ્રવેશથી વંચિત રહી ગયેલ વિદ્યાર્થીઓ માટે સ્નાતક અભ્યાસક્રમોમાં ખાસ તબક્કા -૦૨ માં પ્રવેશ રાઉન્ડ ૧ થી ૫ (તા:૨૪/૦૭/૨૦૨૫ ના રોજથી શરૂ કરી તા:30/૦૭/૨૦૨૫) સુધીમાં પ્રવેશ મેળવવા માટે અંતિમ તક છે.સ્નાતક કક્ષાના ખાસ તબક્કામાં -૦૨ માં પ્રવેશ માટે અરજી કરનાર તથા બાકી રહી ગયેલ વિદ્યાર્થીઓ આ તબક્કામાં ઓફરની સામે પ્રવેશ કન્ફર્મ કરાવી લે તે મુજબ વિદ્યાર્થીઓ અનુસરવાના થતા પગલાની સુચના પૂરી પાડવા પ્રચાર-પ્રસાર કરવા જણાવવામાં આવે છે.પ્રવેશ પ્રક્રિયા અન્વયે વિદ્યાર્થીઓ GCAS પોર્ટલ પર પોતાનો પ્રવેશ કન્ફર્મ કરાવે છે.પરંતુ વિદ્યાર્થીઓ તેમની પસંદગીને આધારે તેમની ઇન્ટેકની સામે પ્રવેશ કન્ફર્મેશનની કામગીરી બાકી રાખે છે આથી સ્નાતક કક્ષાના તબક્કા-૦૨માં જાહેર કરવામાં આવનાર પ્રવેશ રાઉન્ડ ૧ થી ૫ માં વિદ્યાર્થીઓને આપવામાં આવતી ઓફર અન્વયે આપની કક્ષાએથી સંપર્ક કરી વિદ્યાર્થીઓનો પ્રવેશ કન્ફર્મ કરે તેમ સુનિશ્ચિત કરવાનું રહેશે.

સ્નાતક કક્ષાના ખાસ તબક્કા ૦૨માં પ્રવેશ માટે ઈચ્છુક વિદ્યાર્થીઓએ ફરજીયાતપણે નીચે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

1. *GCAS પોર્ટલ પર ઓફર ચેક કરો.*
2. *નિર્ધારિત સમયમર્યાદામાં OTP દ્વારા કન્ફર્મ કરો.*
3. *ફાળવેલ યુનિવર્સિટી/કોલેજમાં રીપોર્ટ કરો.*
4. *સંસ્થા/કોલેજમાં જઈ પ્રવેશની કાર્યવાહી પૂર્ણ કરો.*

પ્રવેશ રાઉન્ડ જાહેર થયેથી વિદ્યાર્થીઓને મળેલ ઓફરની જાણકારી પૂરી પાડવા GCAS તરફથી પ્રવેશ રાઉન્ડના દિવસે સવારે વ્હોટસપ તથા SMS મેસેજીસ પણ જાણ કરવામાં આવે છે.જે આપશ્રીને વિદિત થાય.

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY JUNAGADH

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૪૦૪/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૨૫/૦૭/૨૦૨૫

પ્રતિ,- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજ/સંસ્થાઓનાં આચાર્યશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:- (૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવ.

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:- (૨) આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા અર્થે.)

ક્રમાંક: જીકેસ/વહટ/૨૦૨૫-૨૬/180 તા.૨૪.૦૭.૨૦૨૫

પ્રતિ,

કુલસચિવશ્રી, GCAS પોર્ટલ સાથે સંકળાયેલ તમામ યુનિવર્સિટીઓ

આચાર્યશ્રીઓ, સરકારી કોલેજો (તમામ),

વિષય: GCAS પોર્ટલ મારફત UG અભ્યાસક્રમોમાં ખાસ તબક્કા-૨માં પ્રવેશની કાર્યવાહી બાબત.

શ્રીમાન,

ઉક્ત વિષય અન્વયે જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ અન્વયે ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (GCAS) પોર્ટલ મારફત સ્નાતકકક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા સારૂં ધોરણ) ૧૨-HSC) બોર્ડ પૂરક પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ તથા UGના અગાઉના તબક્કામાં પ્રવેશથી વંચિત રહી ગયેલ વિદ્યાર્થીઓ માટે UG અભ્યાસક્રમોમાં ખાસ તબક્કા-૨માં પ્રવેશ રાઉન્ડ ૧ થી ૫માં (તા.૨૪/૦૭/૨૦૨૫ના રોજથી શરૂ કરી તા.30/૦૭/૨૦૨૫ સુધીમાં) પ્રવેશ મેળવવા માટે અંતિમ તક છે.

આથી UG ખાસ તબક્કા-૨માં પ્રવેશ માટે અરજી કરનાર તથા બાકી રહી ગયેલ વિદ્યાર્થીઓ આ તબક્કામાં તેઓને મળેલ ઓફરની સામે પ્રવેશના આખરી રાઉન્ડ સુધીમાં તેમની પસંદગીની અન્ય યુનિવર્સિટી-કોલેજ ખાતે તેમનો પ્રવેશ કન્ફર્મ કરાવી લે તે મુજબની યુનિવર્સિટી-કોલેજ કક્ષાએથી જરૂરી/સુચારું કાર્યવાહી કરવા તથા પોતાનો પ્રવેશ કન્ફર્મ કરવા વિદ્યાર્થીઓએ અનુસરવાના થતાં પગલાંની સૂચના પૂરી પાડવા યુનિવર્સિટી-કોલેજ કક્ષાએથી જરૂરી પ્રચાર-પ્રસાર કરવા આથી જણાવવામાં આવે છે.

ઉક્ત બાબતે, અત્રે ધ્યાને આવેલ છે કે પ્રવેશપ્રક્રિયા અન્વયે વિદ્યાર્થીઓ GCAS પોર્ટલ પર પોતાનો પ્રવેશ કન્ફર્મ કરાવે છે. પરંતુ, વિદ્યાર્થીઓ તેમની પસંદગીને આધારે તેમની ઇન્ટેકની સામે યુનિવર્સિટી-કોલેજની રૂબરૂ મુલાકાત લઈ પ્રવેશ કન્ફર્મેશનની કામગીરી બાકી રાખે છે. આથી યુનિવર્સિટી-કોલેજ દ્વારા UG ખાસ તબક્કા-૨માં જાહેર કરવામાં આવનાર પ્રવેશ રાઉન્ડ ૧ થી ૫માં વિદ્યાર્થીઓને આપવામાં આવતી ઓફર અન્વયે યાદીમાં સામેલ વિદ્યાર્થીઓનો આપની કક્ષાએથી સંપર્ક કરીને આ વિદ્યાર્થીઓ તેમનો પ્રવેશ કન્ફર્મ તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

વધુમાં, UG ખાસ તબક્કા-૨માં પ્રવેશ માટે ઇચ્છુક વિદ્યાર્થીઓએ ફરજીયાત પણે નીચે સ્ટેપ્સમાં સામેલ કાર્યવાહી કરવાની રહેશે, ત્યારબાદ વિદ્યાર્થીનો પ્રવેશ કોઈપણ યુનિવર્સિટી-કોલેજ ખાતે કન્ફર્મ થયેલ ગણાશે.

૧) GCAS પોર્ટલ પર ઑફર ચેક કરો.

૨) નિર્ધારિત સમયમર્યાદામાં OTP દ્વારા Confirm કરો.

૩) ફાળવેલ યુનિવર્સિટી/કૉલેજમાં રિપોર્ટ કરો.

૪) કૉલેજ/યુનિવર્સિટીમાં રિપોર્ટ કરી પ્રવેશની કાર્યવાહી પૂર્ણ કરો.

ઉપરાંત, પ્રવેશ રાઉન્ડ જાહેર થયેથી વિદ્યાર્થીઓને મળેલ ઓફરની જાણકારી પૂરી પાડવા અત્રેથી વિદ્યાથીઓ પ્રવેશ રાઉન્ડના દિવસે સવારે વ્હોટ્સએપ તથા SMS મેસેજીસ દ્વારા પણ જાણ કરવામાં આવે છે. આમ, UG ખાસ તબક્કા-૨માં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓએ અનુસરવાનાં થતાં સ્ટેપ્સ અંગેની માહિતી પૂરી પાડતી જાહેરાત આ સાથે બિડાણમાં સામેલ રાખેલ છે. જે આપને વિદિત થાય.

આમ, અત્રેથી આપવામાં આવેલ ઉક્ત સૂચનાઓ મુજબની કાર્યવાહી યુનિવર્સિટી-કોલેજ કક્ષાએથી અચૂકપણે થાય તે વિનંતી છે.

આભાર સહ,

મેમ્બર સેક્રેટરી,
GCAS સેલ

ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ * અમદાવાદ *

બિડાણ: ઉપર મુજબ

નકલ સાદર રવાના:

૧) માન. કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ અને સીઇઓ, કેસીજીના રહસ્ય સચિવશ્રી

Knowledge Consortium of Gujarat,
Pragna Puram Campus, Opp. PRL, Navrangpura,
Ahmedabad, Gujarat. 380015
Email: info-gcas@gujgov.edu.in
Website: https://gcas.gujgov.edu.in/